સાકરીયામાં આવેલી અલૌકિક સુતેલા હનુમાન મંદિરમાં હનુમાન જયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી : ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

મોડાસા, તા. ૬ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં આવેલા હનુમાનજી મંદિરો રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા બંને જીલ્લામાં ઠેર ઠેર હનુમાન દાદાના દર્શનાર્થે મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી ભારતમાં માત્ર બે જ સ્થળે આરામની મુદ્રામાં રહેલા હનુમાનજીની મૂર્તિના દર્શન થાય છે. એક અલ્હાબાદના ત્રિવેણી સંગમ ખાતે અને બીજા અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામમાં આવેલા મંદિરમાં સુતેલા ભીડ ભંજન હનુમાનજીના અલૌકિક દર્શન થાય છે સાકરીયા હનુમાન મંદિર અને સુતેલી મુદ્રામાં રહેલા હનુમાન દાદા પાંડવ કાળથી બિરાજમાન છે રાજ્યમાં એક માત્ર સુતેલા હનુમાનજીનું અતિપ્રાચીન ભીડભંજન મંદિરે હનુમાનજીના જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સાકરીયા હનુમાન મંદિર ના ગર્ભગૃહ અને મંદિર પરિસરને ફૂલ અને રોશનીથી શણગારાયા હતા જયારે હનુમાન જયંતી નિમિત્તે કેક કાપી ભગવાનને બદામ,કાજુ જેવા સૂકા મેવાનો ભોગ ધરાવાયો હતો સુતેલા હનુમાનદાદાની અલૌકિક મૂર્તિને સોના-ચાંદી અને હીરાજડિત આભૂષણો નો શણગાર સજ્યો હતો આ પ્રસંગે મારુતિ યજ્ઞ પણ કરાયો હતો જેમાં ૪૨ પરિવારોએ યજ્ઞ પૂજામાં બેસી પુજાવિધિનો લાભ લીધો હતો ૨૫ હજાર થી વધુ શ્રદ્ધાળુઓ હનુમાન દાદાના દર્શનાર્થે ઉમટ્યા હતા અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો હનુમાન મંદિરોમાં મહા આરતી અને લઘુરુદ્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્ર પૂનમ હોવાથી સુપ્રસિદ્ધ ઈટાડી મંદિરે અને શામળાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

બાયડની કેશવ, ઈશાની હોસ્પિટલને યશસ્વી ૭ વર્ષ પુરા

દર્દીઓ માટે ૧૫ એપ્રિલ સુધી બોડી ચેકઅપ, કાન-નાક-ગળાનો કેમ્પનું આયોજન

બાયડ તા.૦૬ બાયડના વાત્રક રોડ ઉપર આવેલા આર.આર.સીટી સેન્ટરમાં કાર્યરત સુવિધાયુક્ત કેશવ હોસ્પિટલ અને ઈશાની હોસ્પિટલને દર્દીઓની સેવામાં યશસ્વી ૭ વર્ષ પૂરા થતાં કેશવ હોસ્પિટલ દ્વારા બોડી ચેકઅપ કેમ્પ અને ઈશાની હોસ્પિટલ દ્વારા કાન-નાક-ગળાના દર્દીઓ માટે તા.૫ થી ૧૫ એપ્રિલ સુધી એકઅપ કેમ્પનું આયોજન કરાયું છે. આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર મેડીકલ નગરી તરીકે પ્રખ્યાત બનેલા બાયડમાં અદ્યતન સુવિધાયુક્ત હોસ્પિટલનો અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, પંચમહાલ, મહિસાગર, ખેડા, રાજસ્થાન સહિતના વિસ્તારોના દર્દીઓ લાભ લઈ રહ્યા છે. ત્યારે બાયડની જાણીતા ડૉ. દર્શન એસ. પટેલની કેશવ હોસ્પિટલને યશસ્વી ૭ વર્ષ પૂરાં થતાં રાહત દરે કેમ્પનું આયોજન કર્યું છે જેમાં બીપી, ડાયાબીટીશ, હૃદય રોગ, શ્વાસના દર્દીઓ માટે કન્સલ્ટીંગ, કાર્ડીયોગ્રામ, ફેક્સાંની તપાસ, હૃદયની સોનોગ્રાફી, વી.પી.ટી. ટેસ્ટ, લોહીની સંપૂર્ણ તપાસ, લોહીની ટકાવારી સહિતની તપાસ માત્ર રાહત દરે કરી આપવામાં આવશે અને આ માટે જૂના રિપોર્ટ તથા ફાઈલ સાથે લઈને આવવા

જણાવાયું છે તે જ રીતે ડૉ.ઈશાની પટેલની જાણીતી ઈશાની હોસ્પિટલમાં પણ યશસ્વી ૭ વર્ષ પૂરાં થતાં કાન-નાક-ગળાના દર્દીઓ માટે કેમ્પનું આયોજન કર્યું છે અને તેમાં કન્સ્લ્ટીંગ મફત, ઉપરાંત કાન-નાક-ગળાની એન્ડોસ્કોપીથી તપાસ રાહત દરે કરી આપવામાં આવશે. જ્યારે કાનમાં સડાનું ઓપરેશન, નાકના પડદાનું ઓપરેશન, નાકના મસાનું દૂરબિનથી ઓપરેશન, બાળકોના ગળામાં કાકડાનું ઓપરેશન, ગળા, મુખ, જીભમાં કેન્સરની તપાસ વગેરે તા.૧૫ એપ્રિલ સુધી રાહત દરે કરી આપવામાં આવશે જેથી જરુરીયાતમંદ દર્દીઓએ તેનો મહત્તમ લાભ લેવો અને કેમ્પમાં ફોન કરીને નામ લખાવીને આવવા માટે જણાવવામાં આવ્યું છે.

અરવલ્લીના યુવા કવિ દિનેશ નાયકને ઓથર ઓફ ધ યર ૨૦૨૨નો એપ્રિસીએશન એવોર્ડ મળ્યો

રીડર ચોઈસમાં સમગ્ર રાજ્યમાં ત્રીજા સ્થાને

બાયડ, તા.૦૬ અરવલ્લીની ભૂમિમાં નવોદિત યુવા કવિઓએ પણ પોતાનું કૌવત ઝળકાવવાની શરૂઆત કરી છે. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સરડોઈના અક્ષર તરીકે ઓળખાતા યુવા કવિ દિનેશ રણછોડલાલ નાયકની અનેક કાવ્ય રચનાઓ પ્રચલિત બની છે ત્યારે ભારતના સૌથી મોટા સાહિત્ય પ્લેટફોર્મ સ્ટોરી મીરરએ દિનેશ નાયકને ઓથર ઓફ ધ યર-૨૦૨૨નો એપ્રિસીએશન એવોર્ડ આપી સન્માનિત કરતાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં ખુશાલી છવાઈ છે. રીડર ચોઈસ વિભાગમાં તેમને ત્રીજો રેન્ક મેળવ્યો છે જે જિલ્લાના કોઈપણ યુવા કવિનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન હોવાનું જાણવા મળ્યું છે. સમય બદલાયો તેમ સાહિત્યના પ્રકાર અને પ્રચારના માધ્યમો સતત બદલાતા રહ્યા છે. સોશ્યલ મીડીયામાં સાહિત્યને વધુ પ્રોત્સાહન આપવા માટેના પ્રયાસ થતાં ગ્રામ્ય વિસ્તારના અનેક નવોદિત કવિઓને યોગ્ય પ્લેટ ફોર્મ મળવાથી મોટી આશા સાહિત્ય ક્ષેત્રે જાગી છે. ભારતમાં ગુજરાતી સાહિત્ય માટે સ્ટોરી મીરર પ્લેટફોર્મ લેખકો પછી વાચકોનું માનિતું માધ્યમ બની રહ્યું છે જેમાં દર વર્ષે સ્ટોરી મીરર દ્વારા લેખકોને પ્રોત્સાહન આપવા માટે ઓથર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવતો હોય છે. તાજેતરમાં સ્ટોરી મીરર દ્વારા અસાધારણ લેખન કરનારા ૧૦૦ કવિઓનો એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા જેમાં મોડાસા તાલુકાના સરડોઈના દિનેશ નાયક અક્ષરે તેમની લેખન શૈલી દ્વારા પ્લેટ ફોર્મ ઉપર બહોળો વાચક વર્ગ ઉભો કરવામાં આવ્યો હોવાથી તેમને ઓથર ઓફ ધ ઈયર-૨૦૨૨માં ત્રીજા નંબરે વિજેતા જાહેર કરી સ્ટોરી મીરરના કો.ફાઉન્ડર બીભુદત્તા રાઉટ દ્વારા સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવતાં જિલ્લા સહિત સાહિત્યના ભાવકોમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાજપ સ્થાપના દિનની ઉજવણી

પ્રાંતિજ તા.૬ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી તાલુકા મંડલ તથા શહેર મંડલ દ્વારા તા.૬ ડીસેમ્બર ના રોજ ભાજપ ના સ્થાપના દિનની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ખાતે ૬ ડીસેમ્બર ના રોજ ભારતીય જનતા પાર્ટી ના ૪૪ મા સ્થાપના દિન ની ઉજવણી અંતર્ગત પ્રાંતિજ તાલુકા મંડલ તેમજ શહેર મંડલ હોદેદારો , મહિલા મોરચો તથા યુવા મોરચા કાર્યકરો નગરપાલિકા કોર્પોરેટર તથા ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ , શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , પૂર્વ

ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , પ્રદિપસિંહ રાઠોડ સહિત ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાંપઉપસ્થિત રહ્યા હતા તો ભાજપ ના સ્થાપના દિનની ઉજવણી દેશભરમા થઈ રહી છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્થાપના દિન નિમિત્તે ખાસ પ્રવચન આપ્યુ હતુ જે દેશ ભરમા લોકોએ ટીવી પ્રસારણ દ્વારા નિહાળ્યુ હતુ તો પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ભાજપ નો ધ્વજ લગાવી ને લહેરાવી ને સ્થાપના દિન ની ઉજવણી કરી હતી જેમા ભાજપ સાંસદ દિપસિંહ ના કાર્યાલય તથા ગજેન્દ્રસિંહ ના કાર્યાલય ખાતે ધ્વજ લહેરાવી ઉજવણી કરવામા આવી હતી.

પાલનપુરની હનુમાન ટેકરી પર પાણીની ટાંકી ઉભરાતા સોસાયટી ઓમાં પાણી ફરી વળ્યું

પાલનપુર તા.૫ પાલનપુર શહેરના હનુમાન ટેકરી પર જીવન જ્યોત સોસાયટી પાસેની પાણી ની ટાંકી ઓવરફ્લો થતા આસપાસની સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયું હતું. જ્યારે પાણીનો ફ્લો એટલો હતો કે મંદિરનો કોટ તૂટી જવાની સાથે બેસવાના બાંકડા પણ ક્ષતિગ્રસ્ત થતા લોકોએ પાલિકાના બેદરકાર ઓપરેટર અને સ્થાનિક નગરસેવકો સામે આક્રોશ ઠાલવ્યો હતો. પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં હનુમાન ટેકરી પર પાણીની ટાંકી આવેલી છે. જે ટાંકી ભરવા માટે મોટર ચાલુ કરી ઓપરેટર સુઈ જતા પાણીની ટાંકી ઓવરફ્લો થતા હજારો લીટર પાણી વહી ગયું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જોકે, પાણીના ધસમસતા પ્રવાહને લઈને પાસે આવેલ મંદિરનો કોટ પણ તૂટી ગયો હતો. જેનો કાટમાળ નીચે પડતા નીચે બેસવા માટે પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ પટેલે આપેલાં બાંકડા પણ ક્ષતિગ્રસ્ત થયા હોવાનું સ્થાનિક રહેવાસી ડોલરભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. આ ઉપરાંત હજારો લીટર પાણી વ્યર્થ વહી જતા આસપાસની સોસાયટીઓમાં ઘુસી જતા લોકોએ સ્થાનિક નગરસેવકોને જાણ કરવા છતાં કોઈ ફરક્યું પણ ન હોઈ પાલિકાના બેદરકાર વહીવટ સામે રોષ ઠાલવ્યો હતો.

કર્મચારીઓ નશામાં મસ્ત થઈ ફરજ બજાવતા હોવાની રાવ

પાલનપુરની હનુમાન ટેકરી વિસ્તારમાં પાણીની ટાંકી ઓવરફ્લો થતા જાણે નાનો ચેકડેમ તૂટ્યો હોય તેમ ધસમસતું પાણી સોસાયટીઓમાં ઘુસી જવાની સાથે મંદિરનો કોટ અને બાંકડા ક્ષતિગ્રસ્ત થયા હતા. જોકે, પાલિકાના મોટાભાગના કર્મચારીઓ નશામાં મદમસ્ત બની ફરજ બજાવવા આવતા હોઈ આવી ઘટનાઓ બનતી હોવાની રાવ ઉઠી છે. ગતરોજ પણ પાલિકાનો ઓપરેટર સોમરસ પી ને ઘસઘસાટ સુઈ જતા આ ઘટના ઘટી હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો.

ચૈત્રી પૂનમે ઈટાડીના અંબાજી મંદિર, શામળાજીના વિષ્ણુ મંદિરે, મોડાસાના બાલકદાસ મંદિરે ભક્તોની ભારે ભીડ

ચૈત્રી પૂનમ હોવાથી મોડાસા તાલુકાના ઈટાડી ગામના સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે મોટીસંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા ૬ હજારથી વધુ દર્શનાર્થીઓએ મહાપ્રસાદ નો લાભ લીધો હતો શામળાજીના વિષ્ણુ મંદિરે કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોની ભારેભીડ થી મંદિર અને મંદિર પરિસર ઉભરાયું હતું મોડાસાના શ્રી બાલકદાસજી મંદિરે લક્ષ્મી નારાયણ મહાપૂજા અને મહા આરતીનું આયોજન કરતા શહેરજનો એ પૂજા અર્ચનાનો લાભ લીધો હતો જીલ્લાનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

તલોદમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નેતૃત્વમાં ટી.આર.ચોકમાં ભાજપનો ધ્વજ લહેરાવી ભારત માતા કી જય ઘોષ સાથે ભારતીય જનતા પાર્ટી કાર્યકરોએ ભાજપના સ્થાપના દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પાલિકાના પ્રભારી જયેશભાઈ શાહ, સંગઠન પ્રમુખ દામોદરભાઈ પટેલ, પાલિકાના ઉપપ્રમુખ ઋતુલભાઈ પટેલ, ભાજપ તાલુકા પ્રમુખ કલ્પેશભાઈપટેલ, વિનુભાઈ સુથાર, કાઉન્સીલરો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

તલોદ પોલીસ સ્ટેશન આગળ બનાવેલ ૩ બમ્પ જીવલેણ સાબિત થશે તેવી દહેશત સાથે આક્રોશ...

તલોદ તા.૬ સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે પોલીસ સ્ટેશન આગળ ના મુખ્ય રોડ માર્ગ ઉપર છેલ્લા ૩ દિવસથી આડેધડ બનાવી દેવામાં આવેલ બમ્પ થી વાહન ચાલકો તથા રાહદારીઓ અને પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે .નજીક નજીક માં ઠોકી બેસાડવામાં આવેલ બમ્પ અકસ્માત નિવારવા નહિ ,પણ અકસ્માત ને આમંત્રણ આપવા બનાવ્યા હોય તેમ ભાસી રહ્યું છે.માત્ર કપચી..મેટલ અને નહિવત સિમેન્ટ નાખી ને આડેધડ ઠોકી બેસાડવામાં આવેલ આ "બમ્પ ઊંટ ના ઢેકા" જેવા ભાસી રહ્યા છે .આવા જીવલેણ અકસ્માત આસાની થી સર્જી શકે તેવા સ્પીડ બ્રેકર બમ્પ ના નિર્માણ પાછળ કોનું ભેજું કામ કરે છે ?? અને જીવલેણ અકસ્માત થશે તો, કોની જવાબદારી નક્કી થશે ?? તે અને તેવા અનેક સવાલો બમ્પ થી ત્રાહિમામ બનેલા તમામ ના દિમાગ માં ઉદભવ્યા છે. તાકીદે આ બમ્પ હટાવી દેવામાં આવે અથવા ધારા ધોરણસર ના ઢોળાવ વાળા અને સફેદ પટ્ટા વાળા બમ્પ અહી બનાવવામાં આવે તેવી આમ પ્રજા,મુસાફર જનતા,વાહન ચાલકો ,વિદ્યાર્થી ઓ અને રાહદારીઓ ની લાગણી અને માંગણી છે. ઉલ્લેખનીય છે કે, તલોદ ના રેલવે ફાટક વિસ્તારમાં ઓવર બ્રિજ ના નિર્માણ નું કામ ચાલુ છે.આવા બાંધકામ વખતે સહજ ભાવે લોકો ને તકલીફ પડે એ માની શકાય અને લોકો તે ભોગવવા તૈયાર પણ હોય..કારણ પછી એક મોટી બ્રીજની સુવિધા મળવાની જ છે. પરંતુ તલોદ નગર ના આ ફાટક થી કોર્ટ નજીક ના રોડ માર્ગ ઉપર બનતા ઓવર બ્રિજ ના બાંધકામ સમય દરમિયાન આમ પ્રજાને પૂરી પાડવા ની સુવિધા એજન્સી તરફથી પૂરી પાડવામાં આવી નથી. !! જેમાં સલામતી ભર્યા સર્વિસ રોડ નો અહી સદંતર અભાવ વર્તાય છે.જ્યાં મસ મોટા જોખમી ખાડા/ ટેકરા અને ભરાઈ રહેતા ગંદા કીચડ યુક્ત પાણી ને કારણે રોડ ની આસપાસ ના વેપારીઓ તથા આવન જવાન કરતા લોકો ભારે કફોડી હાલત નો ભોગ બની રહ્યા છે.ત્યારે આવા સમયે જેતે જવાબદાર તંત્ર કોઈ એક્શન નહિ લેતું હોવાથી લોક માનસ માં અનેક આશંકાઓ પેદા થઈ રહી છે .લોકો એવી વાતો કરી રહ્યા છે કે, કટકી ના નેટવર્ક ને કારણે.. કોણ.. કોને... કેવી રીતે કહી શકે ?

ડીસાની વિશ્વકર્મા સોસાયટીમાં મહા કાળી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા

અર્ચરીના તાલે માઇ ભક્તો ઝૂમી ઉઠ્યા

ડીસા, તા. ૬ ચૈત્ર માસ એટલે ભક્તિ, શક્તિ અને આરાધનાનું પર્વ. જેમાં વિવિધ ધાર્મિક મંદિરોમાં હોમ હવન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે અને કેટલાક શ્રધ્ધાળુઓ દ્વારા પોતાની બાધા આખડી પૂર્ણ થતાં માતાજીની રમેલ, ચંડીપાઠ કે અન્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે જેમાં શ્રદ્ધાળુઓ અવનવી રીતે માતાજીની અનન્ય ભાવે ભક્તિ કરતા હોય છે ત્યારે સમગ્ર મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા લોધા સમાજના સકલ પંચ લોધા સમાજ દ્વારા દર ચૈત્ર માસની નવરાત્રીમાં એકમથી પૂનમ સુધી માતાજીને અર્ચરી રાખવામાં આવે છે જેમાં સૌ પ્રથમ વિવિધ વિસ્તારના ધાર્મિક સ્થળોએ સકલ પંચ લોધા સમાજ દ્વારા અર્ચરી રાખવામાં આવતી હોય છે ત્યારબાદ લોધા સમાજના લોકો દ્વારા આમંત્રણ આપવામાં આવે છે ત્યાં જઈ ધાર્મિક અર્ચરી રાખવામાં

આવે છે જેમાં લોધા સમાજના ભાઈઓ ગીત સંગીતના તાલે ઝૂમતા સંગીત વાદ્યો વગાડતા ઉત્તરપ્રદેશ ભાષામાં માતાજીની અર્ચરી ગાઇ અનન્ય ભાવે માતાજીની ભક્તિ કરતા હોય છે ત્યારે ગતરોજ સકલ પંચ લોધા સમાજ દ્વારા સમાજના અગ્રણી એવા રમેશભાઈ બાબુલાલ લોધા આસિયા પરિવાર દ્વારા સવારે હવન તથા મહાકાળી માતાજીની વિધિવત રીતે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને રાત્રે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા સોસાયટીમાં પોતાના નિવાસસ્થાને રાત્રે ૯:૦૦ થી ૧૧ માતાજીની અર્ચરી રાખવામાં આવી હતી જેમાં સકલપંચ લોધા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે રમેશભાઈ બાબુલાલ આસિયા લોધા પરિવાર દ્વારા આવનારા ભાવિકો માટે મહા પ્રસાદ અને નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.